જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/૧૨/૨૦૧૮ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૯૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૧૭૫૨ લીટર દેશી દારૂ, ૩૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર, ૨ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૯૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૪૯૯/૧૮**

**ક્રાઇમ બ્રાન્ચઃ** રાકેશભાઈ ભીખાભાઈ પટેલ (ઉ.વ.૪૪)(રહે.વિન્ડ ચાઈમ્સ, ભાડજ સર્કલ, સાયન્સ સીટી) એ તા.૨૫/૧૨/૧૮ નારોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ડીસેમ્બર/૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ગોતા, મહાલક્ષ્મી એસ્ટેટ તીથી કેમીકલ્સ નામની ફેક્ટરી ખાતે આરોપી (૧) કિન્નર જ્યંતિલાલ પંચાલ (રહે.પીન્કસીટી એપાર્ટમેન્ટ, અંબીકા વિદ્યાલય પાસે રાણીપ) (૨) અબ્દુલભાઈ રજાકભાઈ (૩) શ્રીરામ વેંકટરામન (૪) મોહમદ ઈરફાન અને (૫) જયકુમાર (જેઓના પુરા નામ ની ખબર નથી તે) (તમામ રહે. વી.એમ.ટી. સ્ટ્રીટ સેંટઝેવીયર લેન, મીન્ટ સ્ટ્રીટ શો કારપેટ ચેન્નઈ) એ ભેગા મળી રાકેશભાઇને તેમની પ્રોપટીના બદલે રૂપિયા ૨૦ કરોડની લોન આપવાનું કહી, લોન પ્રોસેસ ફી પેટે ચેકથી રૂપિયા ૨,૦૦,૦૦૦/- તથા લોનના એડવાન્સ વ્યાજ પેટે ડી.ડી.મારફતે રૂપિયા ૯૬,૦૦,૦૦૦/- મેળવી લઇ, લોન નહી અપાવી રાકેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ક્રાઇમ બ્રાન્ચ ચલાવે છે.

**વાડજઃ** ભરતભાઈ ગોપાલભાઇ પાટડીયા (ઉ.વ.૫૨)(રહે.સ્વસ્તીક કોમ્પલેક્ષ અખબારનગર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે નવા વાડજ) એ તા.૨૫/૧૨/૧૮ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૧૮ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ અખબારનગર સ્વતીક કોમ્પલેક્ષ "તુલસી લેડિઝ ટ્રેલર" ખાતે મોબાઇલ નંબર ૯૬૬૨૩૩૭૮૩૫ ના ધારકે ભરતભાઇને ફોન કરી જણાવેલ કે " મારી પાસે સરકારી સંસ્થામાં સીલાઇ મશીન પડેલ છે " જેથી ભરતભાઇએ એક મશીનના રૂપિયા ૫૦૦૦/- લેખે કુલ આઠ સિલાઇ મશીનના નાણા અજાણ્યા મોબાઈલ ધારકના ખાતામાં જમા કરાવ્યા બાદ ફોન કરનારે સીલાઇ મશીન કે રૂપિયા પાછા નહિ આપી ભરતભાઇ સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.મિશ્રા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૫૦૦/૧૮**

**સાબરમતીઃ** આષિશભાઇ વિલાશભાઇ કેદારી (રહે.તેજશ એપર્ટમેન્ટ રથી એપાર્ટમેન્ટ પાસે કોલસી ટેકરી વળાંક પાસે સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના મકાનના દરવાજાની જાળીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪,૮૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૫૦૦/- તેમજ મારૂતી ઇકો ગાડી નંબર જીજે.૦૧.ઇટી.૪૩૦૩ કિમત રૂપિયા ૧,૮૮,૦૦૦/- અને મોબાઇલ ફોન કિમત રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૧૫,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.વાળા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૦૧/૧૮**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** રવિભાઈ દીપકભાઈ દિવેચા (રહે.નિલકંઠ રેસીડન્સી, નંદનવનની બાજુમાં નારોલ વટવા) એ રીવરફ્રન્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૧૮ સાજના ૫/૩૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન રીવરફ્રન્ટ પશ્ચિમ કીનારે આંબેક્ટરબ્રીજ પાસે કોમલ ફ્લેટની પાછળના ભાગે રીવરફ્રન્ટના મેદાનમાંથી રવિભાઇના મોટર સાયકલના હુકમાં ભરાવેલ ટ્રોલી બેગમાંથી એચ.પી.કંપનીનું લેપટોપ કિમત રૂપિયા ૮૦૦૦/- તથા ડેટાકાર્ડ પ્રીન્ટર કિમત રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૩,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જગદીશચંન્દ્ર આત્મારામ ચલાવે છે.

**કાલુપુરઃ** હેતલબહેન વા/ઓ રાજેન્દ્રભાઈ વાણંદ (ઉ.વ.૩૧)(રહે. ઓરચીડ એલીગન્સ સાઉથ બોપલ સફલ- પરીસર-૧ સામે બોપલ) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૨/૧૮ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે રતનપોળ ખાતે આવેલ પ્રદીપ નામની દુકાન આગળ (૫૦ વર્ષના આશરાની) અજાણી સ્ત્રીએ હેતલબહેનનના હાથમાં રાખેલ કપડાની થેલીમાંથી લેડીઝ પર્સની ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૨,૫૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સરવૈયા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૫૦૨/૧૮**

**વસ્ત્રાપુરઃ** ઉમંગભાઇ પ્રવિણભાઇ કપોપરા (રહે. સત્યાગ્રહ છાવણી સેટેલાઇટ) એ તા.૨૪/૧૨/૧૮ રાતના ૧૦/૦૦ વાગે રાજપથ ક્લબના પાર્કિંગ સામે મ્યુનિ.કોર્પોરેશનના પાર્કિંગ પ્લોટમાં પોતાની એન્ડેવર કાર નંબર જીજે.૦૧.આરપી.૧૭૮૭ કિમત રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી દોઢ કલાકમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ ઉમંગભાઇએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.રબારી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૫૦૩/૧૮**

**નારોલઃ** રઇશઅહેમદ સઇદઅહેમદ અંસારી (રહે.મહેતાબનગર-૧ બોમ્બે હોટલ, દાણીલીમડા) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૨/૧૮ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે કોઝી હોટલ સામે, વિશાલા થી નારોલ તરફ જવાના રોડ ઉપરથી રઇશભાઇના ભાઇ અવેશઅહેમદ સઇદઅહેમદ (ઉ.વ.૪૦) નાઓ રોડ ક્રોસ કરતા હતા દરમ્યાન અજાણ્યા ફોર વ્હીલર ગાડી નંબર જીજે.૦૧.કે.ઇ.૪૭૪૩ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેરદરકારીથી ચલાવી અવેશઅહેમદને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન સાજના ૫/૦૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**<u>ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૦૪/૧૮</u>**

**મણીનગરઃ** મયુરસિંહ વિક્રમસિંહ ચાવડા (ઉ.વ.૨૦) (રહે. આશીર્વાદ ફ્લેટ નરોડા નવપુરા સ્કુલની પાછળ નરોડા) તા.૨૪/૧૨/૧૮ રાતના ૧૦/30 વાગ્યાના સુમારે મણીનગર ક્રોસીંગ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૦૫/૧૮</u>**

**ઇસનપુરઃ** નીખીલ જગદીશભાઇ ચૌહાણ (ઉ.વ.૨૮) (રહે.ચંદ્રપ્રકાશ સોસાયટી વિભાગ-૩ અશોક સોસાસાયટી આગળ કાંકરીયા મણીનગર) અગમ્ય કારણસર તા.૨૫/૧૨/૧૮ કલાક ૧/૧૫ વાગ્યાના સુમારે ગુરૂજી બ્રીજની નીચે દક્ષીણી તરફ જવાના રોડ ઇલેક્ટ્રીક પોલ નંબર ૪૮૯/૨૮/એ આગળ રેલ્વે ડાઉન લાઇનમાં ટ્રેઈન નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.